

# નાની છોકરીનું સ્કર્ટ

## આ ટ્યુટોરિયલમાં, તમે તમારી ઢીંગલી માટે એક આકર્ષક લેયર્ડ સ્કર્ટ બનાવતા શિખશો.



જો તમારા ઘરમાં એક નાની ગુડ્ડી છે, જેને લેસ વાળી અને સુંદર વસ્તુઓ બહુ ગમે છે, તો આ લેસન તમારા માટે છે. આ ટ્યુટોરિયલમાં, તમે તમારી ઢીંગલી માટે એક આકર્ષક લેયર્ડ સ્કર્ટ બનાવતા શિખશો. ચાલો શરૂ કરીએ...

તમારી 10 થી 12 વર્ષની છોકરી માટે એક લેયર્ડ સ્કર્ટ બનાવવા માટે તમારે જોઈશે: કપડાંના બે ટુકડાઓ – બે ફોલ્ડ કરેલું 20.5 ઈંચ લંબાઈ અને 23.5 ઈંચ પહોળાઈવાળા સેટિનનો એક ટુકડો, 16.5 ઈંચ લંબાઈ અને 23.5 ઈંચનો બે માં ફોલ્ડ કરેલો લેસ ફેબ્રીકનો એક ટુકડો, મેચિંગ દોરા, ઈલાસ્ટિક, સેફ્ટી પિન અને બિડેડ પિન્સ.

આપણે પહેલા સેટિન ફેબ્રિક પર કામ કરીશું. આ લંબાઈ છે... અને આ પહોળાઈ. આ કાપડની ઊંધી બાજુ છે, અને આ સવળી બાજુ.

સાટિન કપડાંને, સવળી બાજુઓ એકબીજાની સામ-સામે રહે તે રીતે અડધામાં આ રીતે વાળો. સુરક્ષિત કરવા માટે બિડેડ પિનનો ઉપયોગ કરો.

લેસ ફેબ્રિકની સીધી બાજુઓને તેઓ એકબીજાની સામે રહે તેમ વાળો. ફરીથી સુરક્ષિત કરવા માટે બિડેડ પિનનો ઉપયોગ કરો.




આપણે પિન કરેલી બંને બાજુઓને અલગ-અલગ સિલાઈ કરીશું.

હવે મશીનને સેટ કરો – સ્ટ્રેટ સ્ટીચ કરવા માટે પેટર્ન સિલેક્ટર ડાયલને A ઉપર કરો, અને સ્ટીચ લેન્થને અઢી પર સેટ કરો.





રિવર્સ સિલાઈથી શરૂઆત કરો અને પહેલા લેયરની પિન કરેલી સાઈડ એટ્લે કે સાટિન કપડાંને સિવો. જેમ જીવતા જાઓ તેમ પિન્સ કાઢવાનું ભૂલતા નહીં. સમાપ્તિ પણ રિવર્સ સ્ટીચ સાથે કરો.



આ જ રીતે લેસ ફેબ્રિકની પિન કરેલી સાઈડને પણ સિવિ લો. વધારાના દોરાને ટ્રીમ કરી લો.  આપણે બસ હમણાં જ સાઈડ સીમને સીવવાનું પૂર્ણ કર્યું.


હવે આપણે સાટિન કપડાના હેમ પર કામ કરીશું. લેસ ફેબ્રિકની એક કિનારી સ્કેલોપેડ છે, માટે તેને હેમ કરવાની જરૂર પડશે નહીં.

આ રીતે લગભગ અડધા ઇંચમાં વાળો અને પછી લગભગ ત્રણ-ચતુર્થાંશ ઇંચમાં... આ રીતે. ત્યાં તેને પિન કરી લો. જેમ તમે સીવતા જાઓ તેમ પિન કાઢતા જાઓ અને પિન કરેલી કિનારી પર સિવી લો.





કપડાંના બંને ટુકડાને અંદરથી બહારની તરફ વાળો – એટ્લે કે સવળી બાજુ બહાર અને બધા સિવેલા સાંધા અંદરની તરફ રહે તેમ.



સાટિન ફેબ્રિકને લેસ ફેબ્રિકની અંદર રાખો, જેથી સાટિન ફેબ્રિકની સીધી બાજુ લેસ ફેબ્રિકની ઊંધી બાજુની સામે રહે, મને ફોલો કરો અને જુઓ કે હું કેવી રીતે કરું છું.

બંને ફેબ્રિકના ટુકડાના સાઈડ સિમને સમાન રીતે સમતલ કરો. બંને સીમને મેચ કરો અને તેમને પિન કરો.

બંને ટુકડાને ટોપ પર એક સાથે ફોલ્ડ કરો, પહેલા અડધો ઇંચ અને પછી લગભગ એક અને ત્રણ-ચતુર્થાંશ ઇંચ... આ રીતે. પિન કરી લો.















સાઈડ સીમથી સાડા પાંચ ઇંચ માપો અને માર્ક કરો. સાડા પાંચ ઇંચના માર્કથી દોઢ ઇંચ દૂર એક બીજો પોઈન્ટ માર્ક કરો.

આપણે બીજા પોઈન્ટ પર પૂરા થતાં બધા પોઈન્ટમાંથી એક માર્ક કરેલ પોઈન્ટ પરથી સિલાઈ કરીશું.

દોઢ ઇંચના ઓપનિંગ પર તમે ઈલાસ્ટિક દાખલ કરી શકશો. પિન કરેલી કિનારીઓ સાથે સિલાઈ કરો. રિવર્સ સ્ટીચ સાથે શરૂ અને પૂર્ણ કરવાનું યાદ રાખો. સિલાઈ કરતી વખતે પિન કાઢવાનું યાદ રાખો.

સ્કર્ટ સામે ઈલાસ્ટિકને માપો... આ રીતે... લગભગ બે ઇંચ વધારે લો અને કાપી લો. સેફ્ટી પિનની મદદથી ઓપનિંગમાંથી ઈલાસ્ટિક પાસ કરો. ઈલાસ્ટિકના બીજા છેડાને ગાયબ થઈ જતું રોકવા માટે તેને ઓપનિંગ પર એક પિન સાથે સુરક્ષિત કરી લો.

ઈલાસ્ટિકને બીજા છેડેથી બહાર કાઢી લીધા પછી, બંને કિનારીઓમાંથી પિન કાઢી લો. પછી કિનારીઓને આ રીતે ઓવરલેપ કરો અને બંનેને એકસાથે પીન કરો. બસ ખાતરી કરો કે ઈલાસ્ટિક આખા કેસિંગમાં સીધું રહે.

બંને ઈલાસ્ટિક કિનારીઓને.... આ રીતે... સિલાઈ કરો – ઓવરલેપ હિસ્સા પર એક લંબચોરસ બનાવો – ખૂણાને ફેરવતી વખતે સોઈ ઈલાસ્ટિકની અંદર હોય તેની ખાતરી કરો.

કેસિંગની અંદર ઈલાસ્ટિકને સીધું કરો. હવે, આપણે ઓપનિંગને બંધ કરી દેશું. ઓપનિંગને થોડા ટાંકા લઈને બંધ થાય તેમ સિવી લો. વધારાના દોરાને ટ્રીમ કરી લો. તૈયાર છે તમારું લેયર્ડ બેબી સ્કર્ટ.

લેયર્ડ સ્કર્ટ બાળકો પર ખુબ જ સુંદર લાગે છે, કારણ કે આ એક ખુશ-મિજાજ અને ઉર્જાવાન અનુભૂતિ પ્રદાન કરે છે. તમે વિવિધ દેખાવ માટે અલગ-અલગ ફેબ્રિકના એકદમ નવા લોટને અજમાવી શકો છો.

મજા કરો!